<u>દી.પ.અ.નં. ૦૬/૨૦૨૩</u>

**<u>–:: વાદી તરફે રે.દી.મુ.નં. ૩૪/૨૦૧૯ ફરી ફાઈલે લેવા અંગેની અરજી હેઠળ હુકમ ::–</u>**

અરજી વંચાણે લીધી. સાંભળ્યા, હાલના કામે વાદી લલીતાબેન ચીમનભાઈ પટેલનાઓએ હાલની અરજી આપી રજુઆત કરેલ છે કે, અમો વાદી દાવો દાખલ કર્યા બાદ નીયમીત દર મુદતે હાજર રહેતા હતા પરંતુ દાવો પડતર હતો તે દરમીયાન અમો ખુબજ બીમાર પડતાં અમો વાદીનો દીકરો કલ્પેશ કે જે સુરત મુકામે રહે છે તે અમને સારશંભાળ માટે સુરત મુકામે લઈ ગયેલ, અને જેથી અમો ના.કોર્ટ સમક્ષ મુદત તા. ૦૨/૧૨/૨૦૨૩ ના રોજ હાજર રહી શકેલ ન હતા જેથી અમારો રે.દિ.મુ નં.૩૪/૨૦૧૯ વાળો દાવો અમારી ગેરહાજરીના લીધે નામદાર કોર્ટ ઘ્વારા ડી.ડી. કરવામા આવેલ છે. પરંતુ હવે પછી અમે નિયમિત હાજર રહી અમારા દાવાની કાર્યવાહી આગળ ચલાવવામાં નામદાર કોર્ટને પુરતો સહકાર આપવાની બાંહેધરી આપીએ છીએ અને અમારો ઉપરોકત દાવો જો રીસ્ટોર કરવામા ન આવે તો અમારો હકક માર્યો જાય અને અમારે અનેક હાડમારીઓ અને મુશ્કેલીઓનો સામનો કરવો પડે અને રસ્તો રઝડતા જેવી કફોડી હાલત થઈ જાય તેમ છે. આમ હાલની અરજી મંજુર કરી રે.દિ.મુ.નં.૩૪/૨૦૧૯ રીસ્ટોર કરવા વિનંતી કરેલ છે.

હાલની અરજીના કામે પ્રતિવાદીને નોટીસ ઈસ્યુ કરવામા આવેલ છે. તેમના વિ.વ.શ્રીએ હાજર થઈ દાવો રીસ્ટોર કરવા સામે વાંધો નથી તેવી રજુઆત કરેલ છે. વાદીપક્ષની રજુઆત ઘ્યાને લેતાં, હવે પછીની દરેક મુદતે હાજર રહી દાવાની કાર્યવાહી ચલાવવામા પુરતો સહકાર આપવાની શરતે તેઓની અરજી મંજુર કરી રે.દિ.મુ.નં. ૩૪/૨૦૧૯ રીસ્ટોર કરી ફરી ફાઈલે લેવો ન્યાયના હીતમાં જરૂરી જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

(૧) આથી વાદી તરફેની હાલની અરજી ડી.એલ.એસ.એ. ખેડા(નડીઆદ) ખાતે રૂા.૨,૦૦૦/–(એકે રૂપિયા બે હજાર પુરા) જમા કરાવ્યેથી મંજુર કરવામા આવે છે.

(૨) રે.દી.મુ.નં. ૩૪/૨૦૧૯ જે સ્થિતિમાં ડીસમીસ કરવામા આવેલ તે જ તબકકેથી રીસ્ટોર કરી ફરી ફાઈલે લેવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૬/૦૩/૨૦૨૬
વસો

**(એસ.એસ.ત્રિવેદી)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
વસો